Sandesh

EDII

July 6, 2022
Pg.9



# PM મોદીએ સ્ટાર્ટઅપ રિવોલ્યુશનનો પ્રારંભ કર્યો : આજે દેશમાં ૭૩,૦૦૦ સ્ટાર્ટઅપ છે

## ગુજરાતમાં EDIIની જરૂર નથી : બે લોકો ભેગા થાય તો ધંધો ચાલુ કરવાની વાત કરે

### યુવાનોના બ્રેઈન પાવરનો ઉપયોગ કરવામાં આવે તો સમસ્યાઓનો ઉકેલ મળશે : કેન્દ્રીયમંત્રી, અશ્વિની વૈષ્ણવ

। અમદાવાદ ।

કેન્દ્રના રેલવે, કોમ્યુનિકેશન, ઈલેક્ટ્રોનિક્સ અને I.T. મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્ટાર્ટ અપ રીવોલ્યુશનનો પ્રારંભ કર્યો અને દેશના તમામ રાજ્યોને સ્ટાર્ટ અપ માટે સ્પર્ધા કરતા કરી દીધા અને નવી વસ્તુઓ શોધવાની પદ્ધતિ શરૂ થઈ છે. પહેલાં સ્ટાર્ટ અપની વાત પણ થતી નહોતી આજે દેશમાં ૭૩,૦૦૦ સ્ટાર્ટ અપ છે.

ગુજરાતના લોકોને EDIIની જરૂર નથી, અહીં બે માણસ ભેગા થાય તો ધંધો ચાલુ કરવાની વાત કરે. ગુજરાતના લોહીમાં ધંધો છે. કેન્દ્ર સરકાર દ્વારા સ્ટાર્ટ અપ માટે રૂ. ૧.૫ કરોડની સહાય આપવામાં આવે છે. દેશના યુવાનોના બ્રેઈન પાવરનો ઉપયોગ કરવામાં આવે તો સમસ્યાઓનો ઉકેલ મળી શકશે. નવી પ્રોડક્ટને સ્વીકૃતિ મળે એટલે તમામ દ્વાર ખુલ્લા થઈ જાય છે. હાલ UPI મરફતે કરોડોના વ્યવહારો થાય છે. કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરાયેલ ડિજીટલ હેલ્થ મિશનમાં ૩,૦૦૦ સ્ટાર્ટ જોડાયા છે અને નજીકના ભવિષ્યમાં એજ્યુકેશન, એગ્રીકલ્ચર અને લોજિસ્ટિક પ્લેટફોર્મ તૈયાર કરાશે. ભારતમાં ૧૦૩ યુનિકોન છે જ્યારે યુરોપમાં ફક્ત ૨૭ યુનિકોન છે. રેલવે, ડીફેન્સ અને પોસ્ટલ બેન્ક ક્ષેત્રે સ્ટાર્ટઅપ મારફતે જોડાઈ શકાય છે.

ઈન્ટરપ્રીન્યોરશિપ ડેવલપમેન્ટ ઈનોવેટિવ ઈન્સ્ટીટ્યુટ (EDII) ખાતે વિદ્યાર્થીઓ સાથેના સંવાદમાં અશ્વિની વૈષ્ણવે, નવા ઉદ્યોગ સાહસિકો માટે સ્ટાર્ટ અપ ઈકોસિસ્ટમ વિકસાવવામાં બેલ્ટ પરફોર્મર સ્ટેટ તરીકે આગળ આવવા બદલ ગુજરાત સરકારની પ્રશંસા કરી હતી.

### • ૨૦૨૪માં સુરત-બીલીમોરા વચ્ચે બુલેટ ટ્રેન દોડાવાશે

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, ૨૦૨૪માં સુરત- બિલીમોરા વચ્ચે બુલેટ ટ્રેન દોડાવાશે. અમદાવાદ- વાપી વચ્ચે બુલેટ ટ્રેન કોરિડોરમાં ૭૦ કિ.મી.ની કામગીરી પૂરી થઈ છે, ૧૬૦ કિ.મી.માં ફાઉન્ડેશન કરાયું છે અને ૮ નદી પર રેલવે બ્રિજની કામગીરી ચાલી રહી છે. મહારાષ્ટ્રમાં રાજકીય કારણોસર બુલેટ ટ્રેનની કામગીરી ઘાંચમાં પડી છે. જોકે, હવે સરકાર બદલાતાં મહારાષ્ટ્રમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ આગળ ધપશે. PM મોદીએ ૨૦૧૭માં વંદે ભારત ટ્રેનનો પ્રારંભ કર્યો હતો. આવતા મહિને- ઓગસ્ટમાં હવે વંદે ભારત -૨ વર્ઝનની ૭૫ શરૂ કરાશે. આ ટ્રેનમાં વધુ આરામદાયક મુસાફરી માટે એર સ્ટ્રિપ લગાવાયેલ હશે.

### • અમદાવાદ સહિત ૮ સ્ટેશન વર્લ્ડ ક્લાસ સ્ટેશન બનશે

અમદાવાદ સહિત ગુજરાતના ૧૭ અને દેશના ૩૭૦ સ્ટેશનને વર્લ્ડ ક્લાસના સ્ટેશન બનાવવામાં આવશે. અમદાવાદ સ્ટેશનને રૂ. ૩૮૦ કરોડના ખર્ચે અદ્યતન સુવિધાઓ સાથે વર્લ્ડ ક્લાસ સ્ટેશન બનાવાશે. વડોદરા, સુરત, રાજકોટ, સોમનાથ, ઉધના, જામનગર, પોરબંદર, ગાંધીધામ, ભરૂચ, અંકલેશ્વર,પાલનપુર, ન્યુ ભુજ, બિલીમોરા, આણંદ,નડિયાદ, વાપી, નવસારીનો સમાવેશ થાય છે.